ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આચારસંહીતાના પગલે હોર્ડીંગ્સ હટાવાયા

## મુખ્ય માર્ગો પરથી ૧૩૦ નાના-મોટા હોર્ડીંગ્સ દૂર કરાયા



ગાંધીનગર, તા.૫

લોકસભાની ચૂંટણીની સત્તાવાર જાહેરાત થયા બાદ આચાર સંહીતાના અમલ સાથે શહેરના મુખ્યમાર્ગો પર લગાવાયેલા હોર્ડીંગ્સ દૂર કરવા આજથી જ તંત્રની ટીમ કામે લાગી હતી. દિવસ દરમિયાન શહેરના 'ઘ' અને 'ચ' માર્ગ પરથી ૧૩૦ જેટલા નાના મોટા હોર્ડીંગ્સ હટાવી લેવાયા હતા. સરકારી કે રાજકીય પ્રચાર-પ્રસાર અર્થે મુકાયેલા હોર્ડીંગ્સ ઉપરાંત તમામ પ્રકારના બોર્ડસ પણ ઉતારી લેવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ભારે ઈન્તેજારીના અંતે આખરે આજે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવાતા રાજકીય માહોલ ગરમાયો છે. ગુજરાતમાં પણ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને આગામી તા. ૩૦ એપ્રિલના રોજ મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જયારે લોકસભાની ચૂંટણી જાહેર થતા આજથી આચાર સંહીતા પણ અમલી બની છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આચાર સંહીતાના અમલ માટે રાજકીય પ્રચાર પ્રસાર ઉપરાંત અન્ય યોજનાલક્ષી હોર્ડીંગ્સ દૂર કરવાનું આજે અભિયાન હાથ ધર્યુ હતું. સૂત્રોના જણાવ્યા મુજબ નગરના 'ઘ' અને 'ચ' માર્ગ પરથી

● અનુસંધાન પાન-૭ પર

## મંત્રીઓએ લાલ લાઈટવાળી સરકારી ગાડીઓ વાપરી શકશે નહી

ગાંધીનગર, તા. ૫

ચૂંટણી આચારસંહિતા અમલી બનતા બનતા હવે મંત્રીઓએ લાલ લાઈટવાળી ગાડીઓ જમા કરાવી દેવી પડશે.

લોકસભાની ચૂંટણી આજે જાહેર થતાં ચૂંટણી આચારસંહીતા અમલી બનવા પામી છે. આચારસંહીતા દરમ્યાન મંત્રીઓ સરકારી કાર્યક્રમો કે સરકારી કામકાજ સિવાય સરકારી વાહનનો ઉપયોગ કરી શકે નહીં.

આજથી આચારસંહિતા અમલી બનતા મંત્રીઓએ લાલ લાઈટવાળી સરકારી ગાડીઓ જમા કરાવી દેવી પડશે. મંત્રીઓ ઉપરાંત બોર્ડ-નિગમના પદાધિકારીઓએ પણ સરકારી ગાડીઓનો ઉપયોગ કરી શકશે નહિ.

# દેશના ૫૦૦ શહેરોમાં ૮મી માર્ચે ચાય પે ચર્ચાનો બીજો રાઉન્ડ યોજાશે

## મહિલાઓના પ્રશ્નો અંગે ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૫

સમગ્ર દેશના ૫૦૦ શહેરો અને ૧૫૦૦ ગામડાઓમાં ૮મી માર્ચે ભાજપ દ્વારા ચાય પે ચર્ચાનો બીજો રાઉન્ડ યોજવામાં આવશે.

આજે આ અંગેની વિગતો પત્રકારોને આપતા રાજ્યના મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે ૮મી માર્ચે મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આથી આ દિવસે ચાય પે ચર્ચાનો બીજો રાઉન્ડ યોજવામાં આવનાર છે. મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ૮મીએ દિલ્હીથી વીડીયો કોન્ફરન્સ દ્વારા દેશના ૫૦૦ શહેરો અને ૧૫૦૦ ગામડાઓમાં મહિલાઓ સાથે મહિલાઓને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે.

ચાય પે ચર્ચામાં મહિલા સલામતી અને મહિલા સશક્તિકરણ વિષય પર ચર્ચા કરાશે. ગુજરાતમાં ૨૬ શહેરો અને ૬૯ ગામડાઓમાં ચાય પે ચર્ચાના સ્થળો નક્કી કરવામાં આવ્યા છે.

# બોર્ડની પરીક્ષા પૂર્વે જિલ્લા શિક્ષણાધિકારીની પાટણ બદલી

## શિક્ષણ નિરીક્ષક જાદવને ખેડા ડી.પી.ઓ. તરીકે મુકાયા : નવા ડી.ઈ.ઓ. તરીકે બારોટની નિમણુંક

ગાંધીનગર, તા. ૫

જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા આર.સી. ગોસાઈની પાટણ બદલી કરવામાં આવી છે. નવા ડી.ઈ.ઓ. તરીકે અમદાવાદ ગ્રામ્યમાં શિક્ષણ નિરીક્ષકની ફરજ બજાવતા એચ.એસ. બારોટને બઢતી આપી મુકવામાં આવ્યા છે. શિક્ષણ કચેરીમાં શિક્ષણ નિરીક્ષકની ફરજ સંભાળતા સી.એમ. જાદવની પણ બદલી કરી ખેડા ડી.પી.ઓ. તરીકે ફરજ સોંપવામાં આવી છે. આગામી બોર્ડ પરીક્ષા પૂર્વે જ જિલ્લા શિક્ષણતંત્રની કચેરીમાં બદલીઓના આદેશથી ચર્ચાએ જોર પકડ્યું હતું. શિક્ષણ નિરીક્ષકની બદલીના આદેશના લીધે પણ શિક્ષણતંત્રમાં શાસનાધિકારી સહીતની ત્રણ જગ્યા ખાલી પડી છે.

આગામી તા. ૧૩મી માર્ચથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. જયારે આ પૂર્વે આજે જિલ્લા શિક્ષણાધિકારીની બદલી થતા જિલ્લા શિક્ષણતંત્રની કચેરીમાં વિશેષ ચહલ-પહલ જોવા મળી હતી. જિલ્લા શિક્ષણાધિકારી તરીકે છેલ્લા પોણા ચાર વર્ષથી ફરજ બજાવતા આર.સી. ગોસાઈની પાટણ ડી.ઈ.ઓ. તરીકે બદલી કરવામાં આવતા તેમણે આજે નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે. જ્યારે નવા ડી.ઈ.ઓ. તરીકે બારોટ તેમજ અમદાવાદ ગ્રામ્યમાં શિક્ષણ નિરીક્ષકની ફરજ બજાવતા એમ.એમ. બારોટને બઢતીથી મુકાયા છે. શ્રી બારોટે આજે નવી જગ્યાનો ચાર્જ પણ સંભાળી લીધો છે. આ ઉપરાંત શિક્ષણ નિરીક્ષક સી.એમ. જાદવની પણ ખેડા ડી.પી.ઓ. તરીકે બદલી કરી દેવાઈ છે. શિક્ષણ નિરીક્ષક જાદવની બદલી થતા તેમના ચાર્જ હેઠળની કુલ ત્રણ જગ્યાઓ ખાલી પડી છે. સી.એમ. જાદવને શાસનાધિકારી ઉપરાંત પ્રૌઢ જિલ્લા શિક્ષણાધિકારી તેમજ શિક્ષણ નિરીક્ષકની જગ્યા ખાલી પડી છે જ્યારે છેલ્લા એક વર્ષથી અન્ય એક શિક્ષણ નિરીક્ષકની જગ્યા પણ ખાલી છે.

# 'ક' માર્ગ ૫ કરોડના ખર્ચે ચકાચક બનશે

## ગત ચોમાસામાં ધોવાણ થયા બાદ તંત્રએ થીગડા માર્યા હતા

ગાંધીનગર, તા.૫

શહેરના 'ક' માર્ગને ચકાચક બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. ૫ વર્ષના લાંબા સમયગાળા બાદ 'ક' માર્ગનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ ઉબડ ખાબડ માર્ગને થીગડા મારવામાં આવ્યા હતા માર્ગ નવીનીકરણ પાછળ અંદાજિત રૂ. ૫ કરોડનો ખર્ચ થશે.

શહેરમાં તબક્કાવાર માર્ગ નવીનીકરણના કામો હાથ ધરવામાં આવે છે. નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા બાદ હાલ લાંબા સમય બાદ શહેરના સે-૨૦ થી ૩૦ના આંતરિક રસ્તાઓના નવીનીકરણનું કામ હાથ ધરાયું છે. જૂના સેકટરોના રહીશોની માંગણી સંતોષાઈ છે. આ ઉપરાંત શહેરના 'ગ' અને 'ક' માર્ગ ઉપર પર ટ્રાફીકનું ભારણ વધતા આ માર્ગોનું રોડ નેટવર્ક સુધારણાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. જેને ધ્યાને લઈ વિભાગકક્ષાએથી આ બંને માર્ગોના નવીનીકરણ માટે અગાઉ મંજુરી આપી દેવાઈ છે. ગત ચોમાસામાં વરસાદમાં ધોવાણ થયા બાદ 'ક' માર્ગ સદંતર ઉબડ ખાબડ બનતા વાહનચાલકો માટે મોટો શિરદર્દ ઉભો થયો હતો જેને અનુલક્ષી તંત્ર દ્વારા થોડા સમય પૂર્વે 'ક' માર્ગ પરના ગાબડા પૂરવા કામચલાઉ રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. 'ક' માર્ગના નવીનીકરણ માટે અગાઉ વર્ષ ૨૦૦૮માં કામ કરવામાં આવ્યું હતું. જયારે પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ ફરીથી 'ક' માર્ગને ચકાચક બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. શહેરમાં જૂના સેકટરોના આંતરિક માર્ગો સહિત અન્ય રસ્તાઓના નવીનીકરણ માટે રૂ. ૩૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે જયારે આ અન્વયે તબક્કાવાર રસ્તાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# ગાંધીનગર મેડિકલ કોલેજમાં ઓચિંતુ ઈન્સ્પેક્શન

## ૩ સભ્યોની ટીમે કોલેજ સંકુલ ઉપરાંત હોસ્પિટલની સુવિધાઓ પણ ચકાસી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષના મેડીકલ અભ્યાસક્રમ માટે આજે મેડીકલ કાઉન્સીલની ટીમ દ્વારા ઈન્સ્પેક્શન શરૂ કરવામાં આવ્યું છે અને તે ગુરૂવારે પણ ચાલુ રહેનાર છે.

આજે સવારે ૮.૩૦ કલાકે ૩ સભ્યોની ટીમ ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ઈન્સ્પેક્શન માટે અચાનક જ આવી પહોંચી હતી. ટીમે આજે સવારે આવ્યા બાદ પહેલાં હેડ કાઉન્ટ કરી કોલેજ સાથે એટેચ હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી.

ઓપીડીમાં થઈ રહેલી દર્દીઓની તપાસ તેમના કેસ પેપર સહિત ઘણી બધી બાબતોની ઝીણવટભરી તપાસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

ટીમના સદસ્યોએ હેડ કાઉન્ટીંગ બાદ કોલેજ સંકુલ તેમજ અધ્યાપકોને લઈ વેરીફીકેશનની કામગીરી હાથ ધરી હતી. ગાંધીનગર આજે સવારે અચાનક આવી પહોંચેલી આ તપાસ ટીમના સમાચારો તબીબી વર્તુળઓમાં વાયુવેગે પ્રસરી જવા પામ્યા હતા.

ટીમ દ્વારા ગુરૂવારે પણ તપાસની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે ટીમ દ્વારા અત્યંત ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. ટીમે હોસ્પિટલની સુવિધાઓની પણ ચકાસણી કરી હતી.

આજે ઈન્સ્પેક્શન દરમ્યાન ડીન ડૉ. અરૂણ વ્યાસ, સિવિલ સર્જન ડૉ. ભરત પટેલ સહિતના અધિકારીઓ ટીમ સાથે જોડાયા હતા. બે વર્ષ પૂર્વે ગાંધીનગર મેડીકલ શરૂ કરાઈ છે. ૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતી આ કોલેજમાં ત્રીજા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માંગવામાં આવી છે. જે ઉલ્લેખનીય છે.

## ગાંધીનગરના તબીબો વિરોધ નોંધાવશે

ગાંધીનગર, તા. ૫

ઉત્તરપ્રદેશમાં તબીબી અધિકારી પર કરાયેલા હુમલાના વિરોધમાં આજે ગાંધીનગરના તબીબો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવનાર છે. ઈન્ડિયન મેડિકલ એસો. નવી દિલ્હીની સૂચના બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તબીબો કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે, જ્યારે ખાનગી તબીબો તેમની એક ટાઈમ ઓપીડી બંધ રાખનાર છે.

# મારઝુડ કરતાં પતિની પત્નિના પ્રેમીએ હત્યા કરી નાંખી..!

## હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં વલાદ પાસેથી મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાયો : રામપુરી ચપ્પાથી હત્યા કરતા પહેલા સાથે બેસીને દારૂ પીધો હતો : ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક વલાદ પાસે નાના ચિલોડા નજીકથી ૧૬ ફેબ્રુઆરીના રોજ હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે. દારૂ પીધા પછી ચારીત્ર પર શંકા કરીને અવારનવાર પત્નિ સાથે મારઝુડ કરતો હોવાથી પતિને પત્નિના પ્રેમીએ અન્ય બે મિત્રોની મદદ લઈને રામપુરી ચપ્પાથી કરપીણ હત્યા કરી નાંખી વલાદ પાસે રિક્ષામાં લઈ જઈ ફેંકી દેવાયો હોવાની વિગતો ખુલી છે. હત્યા કરાઈ તે પહેલા ત્રણ આરોપીઓ અને મૃતક



યુવાન ચારેય દારૂ પીવા માટે સાથે ગયા હતા..!

વલાદ પાસેથી ૧૬ ફેબ્રુઆરીએ ક્રૂરતાપૂર્વક હત્યા કરીને ફેંકી દેવાયેલો મળેલો યુવાનનો મૃતદેહ મેઘાણીનગરના રિક્ષાચાલક રાકેશસિંગ ઈન્દ્રસિંગ ચૌહાણનો હોવાનું ખુલ્યુ છે. રાકેશસિંગ ચૌહાણ તેની પત્નિ સાથે રહેતો હતો. રિક્ષાચાલક રજનીસિંગ યાદવ પણ તેના મિત્ર રાકેશસિંગના ઘરે જ રહેતો હતો. રજનીસિંગ સવારે તો રાકેશસિંગ બપોરે રિક્ષા ચલાવવા જતો હતો. પત્નિને રજનીસિંગ સાથે પ્રેમ સંબંધ ચાલતો હોવાની શંકાને પગલે અવારનવાર દારૂ પીધા બાદ રાકેશસિંગ તેની પત્નિ સાથે મારામારી કરતો હતો. અંતે પ્રેમી રજનીસસિંગે કાવતરૂ ઘડીને રાકેશની હત્યા કરવાનું નક્કી કરી લીધુ..! રાકેશને ૧૬મી ફેબ્રુઆરીએ રિક્ષામાં બેસાડી રજનીસ તથા તેના બે મિત્રો રાકેશસિંગ તોમર અને એક સગીર મળીને ચારેય દારૂ પીવા ગયા હતા. દારૂ પીવડાવ્યા બાદ રિક્ષા નાના ચિલોડા લઈ ગયા અને રામપુરી ચપ્પા વડે રજનીસે રાકેશની હત્યા કરી વલાદ પાસે લાશ ફેંકી દીધી હતી. પોલીસે સગીર સહીત ત્રણેયની ધરપકડ કરી ગાંધીનગર સીપીઆઈ એસ.ડી. પટેલે વધુ તપાસ શરૂ કરી છે.



ઉનાળાનું આગમન - ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ વધતાની સાથે જ તડબૂચનું આગમન થયું છે... શહેરમાં ઠેર ઠેર તડબૂચની લારીઓ અને ટેન્ટ લાગી ગયા છે... તડબૂચ ઉનાળામાં ઠંડક આપતું વ્યાજબી ભાવનું ફળ છે... જે મધ્યમ વર્ગને પરવડે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં ટપાલ સેવાઓના પ્રશ્નોના નિકાલ માટે ૨૮મીએ ડાક અદાલત

## ૨૦ માર્ચ સુધીમાં ફરિયાદો મોકલી દેવા સૂચન

ગાંધીનગર, તા. ૫

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ડિવીઝનની સે. ૧૧ સ્થિત કચેરી દ્વારા આગામી તા. ૨૮ માર્ચના રોજ બપોરે ૩ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવશે.

સે. ૧૧ મુખ્ય પોષ્ટ કચેરીના સુપ્રિન્ટેન્ડન્ટના જણાવ્યા મુજબ ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા. ૨૮ માર્ચના રોજ ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાકઅદાલતમાં ટપાલસેવાને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. જ્યારે ડાક અદાલતને અનુલક્ષી અરજદારોએ આગામી તા. ૨૦ માર્ચ સુધીમાં તેમની ફરિયાદ સિનિ. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસને મોકલી દેવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેવાશે નહી. વિષયને આનુસંગિક, મુદ્દાસર તેમજ સ્પષ્ટ નિતીવિષયક ફરિયાદો જ ડાક અદાલત દરમિયાન ધ્યાને લેવાશે તેમ પણ જણાવાયું છે.

# લોકસભા ચૂંટણીમાં ભાજપ બહુમતી મેળવશે : જાવડેકર

ગાંધીનગર, તા.૫

લોકસભા ચૂંટણીમાં ભાજપ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે જઈ રહી છે અને ભાજપને પૂર્ણ બહુમતિ મળશે તેવો આશાવાદ ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા પ્રકાશ જાવડેકરે વ્યકત કર્યો હતો.

ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રિય પ્રવકતા પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૭૨ બેઠકો મળશે તેવો પૂરો વિશ્વાસ છે. વિકાસ એ એક જ ચૂંટણી મુદ્દો છે.

કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા જાવડેકરે જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકારના કુશાનના અંતની શરુઆત થઈ ગઈ છે અને દોઢ મહિના બાદ એટલે કે ચૂંટણી પછી ભારત દેશ કોંગ્રેસ મુકત થશે.

કોંગ્રેસ મોદી સામે ઝેરી પ્રચાર કરે છે એના કારણો આપતા જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા ભાઈ **મધુસુદન જમનાદાસ પટેલ** ગામ - સાણંદ (Rtd. R & B Dept.)નું કાશી મુકામે તા. ૨/૩/૨૦૧૪ના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૬/૩/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૧૩૩/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ, નાગરિક બેંકની બાજુમાં, ગાંધીનગર

ફોન : (રહે.) ૨૩૨૬૩૧૦૬, મો. : ૯૮૨૫૧ ૪૩૬૯૪

લી.

| | |
|---|---|
| દશરથભાઈ સોમનાથભાઈ પટેલ | ગં.સ્વ. સુશીલાબેન મધુસુદન પટેલ |
| કાન્તિભાઈ જમનાદાસ પટેલ | સોનાલી દિપનભાઈ પટેલ |
| દિપન મધુસુદન પટેલ | કિન્નરીબેન પુલીનભાઈ પટેલ |
| અક્ષતભાઈ કાન્તિભાઈ પટેલ | દર્શ દિપનભાઈ પટેલ |


॥ अमय ॥

Government Approved Contractor

• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars

ABHAY






શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com